(G.P.V.)-1389-2,00,000-09-2015-A-4
H.C.Cirs. Civil.P.P. 13,14, Circular
No. 30, Edition 1903]. Civ.A 27g.

**ફો.કેસ નં. :– ૩૬૭/૨૦૧૮**
**આંક:– ૭૯**
**(FILE- C)**

ફરીયાદ તરફની સાહેદી નંબર (*PW No.* )ની જુબાની

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરું છું કે:–

| | |
|---|---|
| મારું નામ:– કૌશીકકુમાર | પિતા/પતિનું નામ:– પુંજાલાલ વ્યાસ |
| | ઉ.વ.:– ૭૨ વર્ષ |
| ધંધો:– નીવૃત(હસ્તાક્ષર નિષ્ણાત, ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી, ગુજરાત રાજય ગાંધીનગર.) | સરનામુ:–૧૫૦, નયનનગર સોસા. કૃષ્ણનગર રોડ, સહીજપુર બોઘા, અમદાવાદ. |

**સોગંદ આપ્યા.....**

**બચાવપક્ષે સરતપાસ આરોપી જાતે**

**(૧)** મારી નીમણુંક આસીસ્ટન્ટ એકઝામીનર કવેશ્ચનરી ડોકયુમેન્ટ તરીકે સને ૧૯૭૮મા થયેલી. મે ગુજરાત યુની. માંથી બીએસસી એલએલબીની ઉપાધી પ્રાપ્ત કરેલ છે. મે હસ્તાક્ષરોની ઓળખ અંગેના વિજ્ઞાન અને તેને સંલગ્ન વિષયને લગતી બે વર્ષની તાલીમ નેશનલ ઈન્સ્ટી. ઓફ ક્રીમીનોલોજી એન્ડ ફોરેન્સીક સાયન્સ, ગૃહ મંત્રાલય, ભારત સરકાર, નવી દિલ્હી ખાતેથી મેળવેલ છે જે પૈકી મે પ્રથમ વર્ષ હસ્તાક્ષરોની ઓળખ અંગેના ત્રણ ગવર્નમેન્ટ એકઝામીનર ઓફ કવેશ્ચન્ડ ડોકયુમેન્ટની પ્રયોગશાળા શીમલા, કલકતા અને હૈદરાબાદ ખાતે તાલીમ મેળવેલ છે. મે ચલણી નોટો અને તેને સંલગ્ન વિષયોની બાબતની તાલીમ કરન્સી નોટ પ્રેસ, નાસીક ખાતે લીધેલ છે અને બેન્ક નોટ પ્રેસ અંગેની સંલગ્ન વિષયોની બાબતની તાલીમ બેન્ક નોટ પ્રેસ, દેવાસ ખાતે લીધેલી છે. મે પેપર ફાયબર પૃથ્થકરણ અંગેની તાલીમ હોશંગાબાદ ખાતે લીધેલ છે. મે ટાઈપરાઈટીંગ અંગેની તાલીમ કલકતા (વેસ્ટ બંગાળ) ખાતે લીધેલ છે. હું સને ૧૯૮૧થી સ્વતંત્રપણે હસ્તાક્ષરો દસ્તાવેજોની ચકાસણી અને તેને સંલગ્ન વિષયોને લગત અસંખ્ય દસ્તાવેજો તપાસેલ છે અને તે કેસોના સમર્થનમા અનેક કેસોમા નિષ્ણાત તરીકે ન્યાયની અદાલતમા જુબાની આપેલ છે. ૨૦૧૧ મા નીવૃત થયા બાદ ખાનગી હસ્તાક્ષર નીષ્ણાત તરીકે કામ કરુ છુ. આ કેસના દસ્તાવેજો પૈકી મને મે બનાવેલ રીપોર્ટ નં. એચડબલ્યુકે/૩૨/૨૦૨૨, તા.૧૦/૦૭/૨૨થી રજુ કરેલ બતાવવામા આવે છે જે જોઈને હું કહુ છુ કે, ઉપરોકત રીપોર્ટ તૈયાર કરવા સમયે મને અશોકભાઈ ગાંડાભાઈ બાપોદરીયાના મુળ હસ્તાક્ષર હોય તેવી નોટીસ તા.૧૯/૦૬/૨૦૧૮ જે ફોજદારી કેસ નં.૩૬૬/૨૦૧૮ મા રજુ થયેલ આંક–૨૪થી નામ. હળવદ કોર્ટમા રજુ કરેલ છે તેની નકલ મને આપવામા આવેલી અને તે સાથે બીજા પચ્ચીસ ચેકોની નકલ જેમા અમુકમા નામ. હળવદ કોર્ટના આંક નંબર લખેલા હતા. ઉપરોકત તમામ પચ્ચીસ ચેકો જે ડી–૧ થી ડી–૨૫ નંબર આપ્યા હતા જેમા પચ્ચીસ ચેકોમા સહી સીવાયનું લખાણ નોટીસ તા.૧૯/૦૬/૧૮ ફોજદારી કેસ નં.૩૬૬/૧૮મા આંક–૨૪મા અશોક ગાંડાલાલ બાપોદરીયાની ગુજરાતીમા કરેલી સહીઓ સાથે મેળવતા તેમા માર્ક એન–૧ થી એન–૫ આપેલ છે. ઉપરોકત તમામ ચેકોમા સહી સીવાયનુ લખાણ અશોકભાઈએ કરેલાનુ મે હસ્તાક્ષર નિષ્ણાત તરીકે આપેલ છે અને ઉપરોકત મળેલ તકરારી સહીઓ અને કુદરતી સહીઓ માર્ક–એન–૧ થી એન–૫મા અશોકભાઈ ગાંડાલાલ

બાપોદરીયા વંચાતી ગુજરાતી સહીઓ જેને ખુબ જ કાળજીપુર્વકના અને તલસ્પર્શી પરીક્ષણ કર્યા બાદ હું એવા અભિપ્રાય પર આવ્યો છુ કે જે વ્યકતીએ લાલ કુંડાળાવાળી તકરારી સહીઓ લખેલ છે તે જ વ્યકતીએ વાદળી કુંડાળા વાળી માર્ક–એન–૧ થી એન–૫ વાળી સહી કરેલ છે. મારો ઉપરોકત અભિપ્રાય તા. ૧૦/૦૭/૨૨નો છે જેના દરેક પાના પર મારી સહી છે અને અભિપ્રાય ઉપર પણ મારી સહી છે. મારા ઉપરોકત અભિપ્રાય કરવાનુ કારણ નીચે પ્રમાણે છે. મે લાલ કુંડાળામા ઘેરી લીધેલ તકરારી સહીઓ માર્ક ડી–૧ થી ડી–૨૫ને હસ્તાક્ષરની ઓળખ અંગેના તમામ પાસાઓથી ચકાસણી કરીને તેને કુદરતી સહીઓ જેને વાદળી કુંડાળા વાળી સહીઓ એન–૧ થી એન–૫ વાળી સહીઓ સાથે ચકાસણી કરતા ખુબજ જીણવટ ભરી અને નરી આંખે ન દેખાય તેવી લાક્ષણીકતાઓ અને કોમ્બીનેશન જોવા મળેલ. મે અમને મળેલ કુદરતી સહીઓ માર્ક એન–૧ થી એન–૫ ની ચકાસણી કરતા લખાણમા  એકરૂપતા જોવા મળેલી અને તેમા કોઈ નકલ કરતા હોય તેવા લક્ષણો જોવા મળતા નથી અને તેમા વળાંકના લખાણ મુકતપણે લખેલ છે જે તેના સાચાપણાની નીશાની છે જે તકરારી લખાણ અને કુદરતી લખાણમા જોવા મળેલ. તકરારી લખાણ ડી–૧ થી  ડી–૨૫ મા અને કુદરતી લખાણ એન–૧ થી એન–૫ મા નોંધપાત્ર સામ્યતાઓ જોવા મળેલ જે તમામ નોંધપાત્ર લક્ષણો તકરારી સહીઓમા જોવા મળ્યા તે જ કુદરતી સહીઓમા જોવા મળ્યા. જેને વ્યકતીગત લાક્ષણીકતાઓ કહેવાય છે. વાદળી કુંડાળા વાળી કુદરતી સહીઓ એન–૧ થી એન–૫મા મને તેના એકઝીકયુશનમા મને એકરૂપતા જોવા મળી, તેની લખવાની સ્વતંત્રતા અને લખવાના ફેરફારો જોવા મળ્યા જે કોઈની નકલનુ લક્ષણ નથી પરંતુ સાચાપણાની નીશાની છે. જયારે તકરારી સહીઓ માર્ક ડી–૧ થી ડી–૨૫ ચકાસતા અને તેમને કુદરતી સહીઓ માર્ક એન–૧ થી એન–૫ સાથે સરખાવતા તેમા નોંધપાત્ર સમાનતાઓ જોવા મળી જે આ મુજબ છે. વાદળી કુંડાળાવાળી કુદરતી સહીઓ માર્ક એન–૧ થી એન–૫ ને ચકાસતા મે તેમા શરૂઆતમા સામ્યતા જોવા મળી, લખવાની સ્વતંત્રતા જોવા મળી અને જેમા કોઈ નકલ કરવાના લક્ષણો જોવા મળ્યા નથી.

(૨)        તકરારી લખાણો માર્ક ડી–૧મા અક્ષર ''અ'' ની પહેલા ભાગની શરૂઆત ઉપર જતી જેના અંદરના ભાગમા  '' TICK MARK'' છે જે ઘડીયાળના કાંટાની દિશામા છે અને તેનો પહોળો વળાંક જોવા મળે છે, સાંકળી ''આઈલેટ'' જોવા મળે છે અને નીચેના ભાગે લાંબો વળાંક જોવા મળે છે અને લીટી ''રીટ્રેસ'' અથવા સાંકળો ''આઈલેટ'' જોવા મળે છે. અક્ષરના અંતમા ઉપરના ભાગે ''રીટ્રેસ'' જોવા મળે છે અને તેનો સીધો નીચેના ભાગમા લાંબો અંત છે જે શબ્દો ''અંશ'' જે માર્ક ડી–૧ થી ડી–૫મા છે તથા શબ્દ આશાપુરામા ડી–૭મા જોવા મળે છે તથા શબ્દ ''આઠસો''મા ડી–૧૧, ડી–૧૨ અને ડી–૨૫મા જોવા મળે છે. શબ્દ ''એક લાખ''મા માર્ક ડી–૮થી ડી–૧૦ અને ડી–૧૩ મા જોવા મળે છે.

**આ તબકકે કોર્ટ સમય પુર્ણ થતા વધુ સરતપાસ મુલતવી.**

**સ્થળ:– હળવદ.**

**તારીખ:– ૨૪/૧૧/૨૫.**

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
હળવદ.